# આકાશવાણી

# ભુજ

## ....... સમાચાર વાચકઃ– અર્પણ  નાયક .....

<u>તા.૪–૨–૨૦૧૨</u> <u>પ્રસારણ સમય સાંજે : ૬.૨૫</u>

**<u>જિલ્લા પંચાયત</u>**

કચ્છ જિલ્લા પંચાયતની આજે મળેલી કારોબારી સમિતિની બેઠકમાં બીનખેતીને લગતા ત્રેપન કેસોને ધમાલ અને ધાંધલનાં વાતાવરણ વચ્ચે મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ ત્રિકમ છાંગાએ જણાવ્યું કે ૧૩ માં નાણા પંચમાં જિલ્લાનાં વિવિધ વિસ્તારો માટે ૮૭ લાખ રૂપિયાનાં વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

કારોબારી સમિતિના અધ્યક્ષ અરવિંદ પિંડોરીયાએ જણાવ્યું કે ત્રણ માસના લાંબા ગાળા બાદ કારોબારીની બેઠક મળી હતી. જેમાં વિકાસ કામો ઉપરાંત અન્ય કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં તમામ  શાળા અધ્યક્ષો અને સમિતિનાં સભ્યો હાજર રહયા હતા. કારોબારી સમિતિ નાં હોલનું નવ નિર્માણ થયા બાદ આજની બેઠક આ નવા હોલમાં યોજવામાં આવી હતી.

––શૈલેષ વ્યાસ––

––––––×––––––––––×–––––––––×––––––––––×––––––––––

તા. ૪/૨/૨૦૧૨

**<u>કોંગ્રેસ</u>**

કચ્છ કોંગ્રેસે એક યાદીમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકારનાં અનેક નાણાંકીય સહાયથી રાજયનો  સરકાર દ્વારા ઉત્સવો અને તાયફાઓ દ્વારા પ્રજાના નાણાંનો વ્યય થઈ રહયો છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખની યાદી મુજબ ૧૧ અને ૧૨ માં નાણાંપંચ હેઠળ કેન્દ્ર

સરકારે અબજો રૂપિયાની ફાળવણી ગુજરાતનાં ગ્રામિણ વિકાસ માટે કરી છે. આ ઉપરાંત આરોગ્યક્ષેત્રે વિમા યોજના, ગરીબોને મકાનો આપતી ઈન્દીરા આવાસ યોજના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓનાં બાંધકામ માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને કચ્છ જેવા સરહદી વિસ્તાર માટે સરહદી વિસ્તાર વિકાસ યોજનાનાં નાણા કેન્દ્ર સરકાર જ આપે છે. કોંગ્રેસ, મુખ્યમંત્રી અને ભાજપ વહીવટીતંત્રનો દૂર ઉપયોગ કરી લોકોને ભરમાવી રહયા હોવાનો આક્ષેપ કર્યો છે.

––શૈલેષ વ્યાસ––

–––––×––––––––––×–––––––––×––––––––––×––––––––––

તા. ૪/૨/૨૦૧૨

**શાળા આરોગ્ય**

ગાંધીધામ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં સાડા પાંચ હજાર બાળકો વિવિધ રોગોથી પિડાતા મળી આવ્યા છે.

આંગણવાડીથી લઈને માધ્યમિક શાળાઓમાં ૪૫ હજાર બાળકોનાં આરોગ્યની તપાસણી તાજેતરમાં ગાંધીધામ તાલુકામાં કરવામાં અહાવી હતી. જેમાંથી ૧૬ બાળકોને કેન્સર, હદયરોગ અને કીડનીની ગંભીર બિમારીઓ જોવા મળી હતી.

આંખના રોગના ૩૮, દાંતના ૧૪, ચામડીના ૧૩ તથા અન્ય રોગોનાં મળીને કુલ સાડા પાંચ હજાર બાળકોનાં આરોગ્યમાં તકલીફો જણાઈ હતી. ગંભીર રોગ ધરાવતા બાળકોને જરૂર પડયે ઓપરેશન માટે અમદાવાદ મોકલવામાં આવશે.

––શૈલેષ વ્યાસ––

–––––×––––––––––×–––––––––×––––––––––×––––––––––

તા. ૪/૨/૨૦૧૨

**PGVCL**

ભુજ નગર સેવા સદનની આર્થિક હાલત કથળી છે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ દ્વારા નગર સેવા સદનને અપાયેલા વિવિધ વિજ જોડાણો પૈકી ૧૮ કરોડ રૂપિયાનું

વિજ બિલ બાકી છે. નગર સેવા સદન દ્વારા આ જંગી ચડત વિજ બીલની ચુકવણી કેવી રીતે થશે. તે ચિંતાનો વિષય બન્યો છે. વિજ કંપનીએ નગરપાલિકાને તાત્કાલિક અસરથી વિજ બીલ ભરી દેવા તાકીદની નોટીસ આપી છે.

દરમ્યાન નગરપાલિકા દ્વારા વેરાઓ બાકી રહેતા હોય તેઓ પાસેથી વસુલાત કરવા ઝૂંબેશ શરૂ કરાઈ છે. જેમાં અનેક આસામીઓનાં નળ જોડાણો વેરા ન ભરવાનાં કારણે કાપી નંખાયા છે. ભુજ GIDC માં કાર્યરત ૧૧૦ કંપનીનાં નળ જોડાણો કાપી નાંખવામાં આવ્યા છે. એ ઉપરાંત સંસ્કારનગરનાં દુકાનધારકોને વેરા ભરવા કડક નોટીસ આપવામાં આવી છે.

––શૈલેષ વ્યાસ––

–––––×––––––––––×–––––––––×––––––––––×––––––––––

તા. ૪/૨/૨૦૧૨

**ઈદ**

ઈસ્લામ ધર્મનાં સ્થાપક હઝરત મોહંમદ પયગમ્બર સાહેબનો ૧૪ સો અઠાવન મો જન્મ દિન આવતી કાલે સમગ્ર કચ્છમાં ઉજવવામાં આવશે.

તમામ સુન્ની મુસલમાનો ઉપરાંત અન્ય જમાતનાં લોકો દ્વારા ઈદે મિલાન્દુ નબીનું પર્વ પરંપરાગત શ્રધ્ધા અને ધાર્મિક ઉત્સાહનાં વાતાવરણમાં ઉજવાશે.

ગુજરાત ચાંદ કમિટીનાં કચ્છક્ષેત્રનાં કાર્યવાહક મૌલાના અલીફ નક્ષબંદીએ કહયું કે ભાઈચારો અને ધાર્મિક એકતા હંમેશા કચ્છમાં બળવતર રહી છે. અને આવતીકાલની ઈદની ઉજવણીમાં પણ કોમી એકતાના દર્શન થશે.

ભુજ , અંજાર, ગાધીધામ, માંડવી, મુન્દ્રા, રાપર , નખત્રાણા, નળિયા, દયાપર, ખાવડા બન્ની અને પચ્છમનાં ગામો તથા જિલ્લાનાં અન્ય વિસ્તારોમાં આકર્ષક શોભાયાત્રા કાઢવામાં

આવશે. ભુજમાં ભીડચોકથી શોભાયાત્રા નીકળશે જે ખાસરાના મેદાનમાં પુરી થશે.

––શૈલેષ વ્યાસ––

–––––×–––––––––×––––––––×–––––––––×–––––––––

તા. ૪/૨/૨૦૧૨

**હવામાન**

કચ્છનાં હવામાનમાં પલ્ટો આવ્યો છે. એક તરફ જાણે કે ઠંડીએ વિદાય લીધી હોય તેમ બપોરે ગરમીનો અનુભવ છેલ્લા બે દિવસથી થઈ રહયો હતો ત્યાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ રહયું હતું.

ભુજમાં બપોરે સાડા ત્રણ વાગ્યે હળવા છાંટાઓ પડયા હતા ભુજમાં પવનની ગતિ કલાકનાં ૧૧ કિલોમીટરની હતી. બેવડા વાતાવરણ અને ઋતુને કારણે લોકોમાં શરદી, ઉધરસ, અને તાવ જેવા રોગોનો વ્યાપ વધ્યો છે.

––શૈલેષ વ્યાસ––

––––––––––